(Regd. No.MH222-1983G.B.B.S.D.)

શ્રી મુળજીભાઈ ગોપાળજીભાઈ મહેતા પરિવાર (વિરાર) પ્રેરિત : બોરીવલી કાર્યાલય :
૧૦૧, શ્રીમદ્ ગોકુલ,અનિલભાઈ દેસાઈ રોડ, મંડપેશ્વર સિવીક ફેડરેશન (MCF) થી આગળ,
બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૯૨, ફોન : (૦૨૨) ૩૫૬૪ ૭૦૭૬ / ૮૭૯૩૪૦૪૧૩૬

કે.ટી. પરિવાર (વસઈ) પ્રેરિત કે.ટી.વાડી : વસઈ કાર્યાલય :
કે.ટી. વાડી, હોલી પેરેડાઈઝ સ્કુલની બાજુમાં,કે.ટી.વિલેજ, વસઈ (વેસ્ટ),
પાલઘર - ૪૦૧ ૨૦૨. ફોન : (૦૨૫૦) ૨૩૩ ૧૯૨૮, / ૮૧૬૯૬ ૮૭૮૧૪

શ્રી ગોહિલવાડ દશાશ્રીમાળી સેવા સંઘ, બોરીવલી

# સામાન્ય સભા

તા.૨૯-૦૮-૨૦૨૪

સુજ્ઞ મહાશય,

વિનંતી સાથે જણાવવાનું કે સેવા સંઘની ૪૩મી વાર્ષિક સામાન્ય સભા રવિવાર, તા. ૨૨-૦૯-૨૦૨૪ના રોજ સવારના ૧૦.૦૦ કલાકે સેવા સંઘના બોરીવલી કાર્યાલય, મુંબઈ-૪૦૦૦૯૨ ખાતે નીચે જણાવેલા કાર્યો માટે રાખવામાં આવેલ છે.

**કાર્યો:**

૧) ગત સામાન્ય સભાની મિનિટ્સનું વાંચન કરીને તે મંજૂર કરવા.

૨) તા.૧-૪-૨૦૨૩ થી તા. ૩૧-૩-૨૦૨૪ સુધીનો વાર્ષિક અહેવાલ તથા ઓડીટ થયેલ હિસાબો મંજૂર કરવા.

૩)વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માટે ઓડીટરની નિમણુંક કરવા તથા તેમણું મહેનતાણું નક્કી કરવા

૪) તા. ૨૪-૦૨-૨૦૨૪ના રોજ ટ્રસ્ટીઓ તથા કારોબારી સમિતીની મીટીંગમાં વર્ષ ૨૦૨૪-૨૦૨૫ના મંજૂર કરવામાં આવેલ અંદાજપત્રને બહાલી આપવા.

૫) પ્રમુખશ્રીની અનુમતીથી રજુ થતા અન્ય કાર્યો ઉપર વિચારણા કરવા

**શ્રી ગોહિલવાડ દશાશ્રીમાળી સેવા સંઘ, બોરીવલી**

ભુપેશ એમ.મહેતા • રેવતી એચ. શાહ • પંકજ જે.શાહ

માનદ્ મંત્રીઓ

# અગત્યની સૂચનાઓ

૧) કાર્યવાહક હાજરીના અભાવે મુલતવી રહેલી સભા અર્ધા કલાક બાદ તે જ સ્થળે તે જ કાર્ય માટે ફરી પાછી મળશે અને તે સભામાં કાર્યવાહક હાજરી નહીં હોય તો પણ આગલી સભા માટે નક્કી કરેલ કામકાજ કરશે જે સર્વેને બંધનકર્તા રહેશે.

૨) વાર્ષિક અહેવાલ તથા ઓડીટ થયેલ હિસાબની નકલ Email થી મોકલેલ છે તથા website ઉપર પણ મુકવામાં આવેલ છે.

૩) હિસાબ બાબતની વિશેષ જાણકારી તા.૧૫-૦૯-૨૦૨૪ થી ૨૦-૦૯-૨૦૨૪ સુધીમાં સેવા સંઘની બોરીવલી કાર્યાલયમાં સાંજના ૫.૦૦ થી ૬.૩૦ ક.સુધી સભ્યોને જોવા મળશે.

૪) હિસાબ બાબતના ખુલાસાઓ માટે ૨૧-૦૯-૨૦૨૪ સુધીમાં લેખિત જણાવવાના રહેશે જેના ખુલાસાઓ સામાન્ય સભામાં કરવામાં આવશે.

૫) સામાન્ય સભા બાદ અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવી છે જેનો સર્વે સભ્યોએ લાભ લેવા વિનંતી છે.